| | |
|---|---|
| દાખલ તારીખ | :- ૦૬/૦૨/૨૦૨૬ |
| રજીસ્ટર્ડ તારીખ | :- ૦૬/૦૨/૨૦૨૬ |
| ફેસલ તારીખ | :- ૩૦/૦૩/૨૦૨૬ |
| સમયગાળો | :- ૦૦--૦૧--૨૪<br>વર્ષ માસ દિવસ |

**આંક : ૦૫**

## અધિક સત્ર ન્યાયધીશની અદાલત, મુકામ - રાધનપુર, જિલ્લો - પાટણ
## ક્રિમીનલ રીવીઝન અરજી નં. ૦૭/૨૦૨૬

**અરજદાર :- શ્રી સરકાર**

વિરૂધ્ધ

**સામાવાળા :- (૧) કનુભાઇ લઘરાભાઇ ભરવાડ,**
રહે. આશાપુરા સોસાયટી, વાઘોડીયા રોડ, મુ.તા.વડોદરા

---

**બાબત :-** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૪૩૮ મુજબ રીવીઝન અરજ

---

| | |
|---|---|
| અરજદાર તરફે | વિ.વ.શ્રી જે.જે.બારોટ |
| સામાવાળા તરફે | વિ.વ.શ્રી એમ.એ.ઘાંચી |

---

**--:: ઠરાવ ::--**

**(૧)** આ કામના અરજદાર નાઓએ નામ.એડી.ચીફ.જયુડી.મેજી.કોર્ટ, રાધનપુર સમક્ષ સામાવાળા (મૂળ આરોપી) ને તા.૦૬/૧૨/૨૦૨૦ ના કલાક-૧૬:૧૦ વાગ્યે રાધનપુર પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૨૧૭૦૨૭૨૫૧૨૦૫/૨૦૨૫, બી.એન.એસ.ની કલમ-૩૫૧(૩), ૩૧૮(૪), ૩૧૬(૨), ૩૦૮(૫), ૩૦૮(૭), ૬૧(૨)(અ), ૮૩ મુજબના ગુનાના કામે અટક કરી તા.૦૭/૧૨/૨૦૨૫ ના રોજ નામ.એડી.ચીફ જયુડી.મેજી.કોર્ટ, રાધનપુર સમક્ષ રજુ કરતાં તેઓની પોલીસ કસ્ટડી દિન-૧૦ ની લેવા માટે અરજી કરતાં તે નામંજુર કરવામાં આવેલ અને તે હુકમથી નારાજ થઇ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૪૩૮ મુજબ રીવીઝન હાલની રીવીઝન અરજી દાખલ કરેલ છે.

**(૨)** અરજદાર શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી જે.જે.બારોટ નાઓએ દલીલ કરેલ છે કે, સામાવાળા (મૂળ આરોપી) ગુનામાં સક્રિય ભાગ ભજવેલ છે. તપાસ કરનાર અધિકારી ધ્વારા રીમાન્ડ અરજીમાં આ આરોપી બાબતે સ્પષ્ટ કારણ જણાવેલ હોવાછતાં આ આરોપી પુરતી રીમાન્ડ અરજી નામંજુર કરવામાં આવેલ છે. સામાવાળા (મૂળ આરોપી) નાઓએ ગુનાહિત યોજના બનાવવામાં અને તે રીતે ફરીયાદી પાસેથી સમગ્ર બનાવ પાર પાડાવી સક્રિય ભાગ ભજવી તેઓને રૂા.૧,૫૦,૦૦૦/- મળેલ છે અને આ રકમ તેઓના ઘરે વડોદરા મુકામેથી મળી શકે તેમ હોઇ અને તેથી આરોપીને સાથે રાખી રાધનપુરથી વડોદરા મુકામે જવાનુ હોઇ જેથી આવવા જવામાં તેમજ કાર્યવાહી કરવામાં વધુ સમય જાય તેમ છે અને તેથી પોલીસ કસ્ટડીની જરૂરીયાત રહેલ છે. સામાવાળા (મૂળ આરોપી) ના કોલ ડીટેલસ તથા તેઓના સીમકાર્ડની માહિતી જે તે કંપનીમાંથી મેળવવાની છે અને તે બાબતે ઉંડાણ પુર્વકની તપાસ કરવા માટે કસ્ટડીની જરૂરીયાત રહેલ છે. મે.એડી.જયુડી.મેજી.કોર્ટ, રાધનપુર ધ્વારા આ કારણો ધ્યાને લેવામાં આવેલ નથી. આથી રીવીઝન અરજી મંજુર કરવા અરજ કરેલ છે.

**(3)** વધુમાં સામાવાળાઓના વિ.વકીલશ્રી નાઓએ રજુઆત કરેલ છે કે, સામાવાળા (મૂળ આરોપી) નુ ‘silent’ રહેવાનો તે મૂળભુત અધિકાર છે અને સામાવાળા (મૂળ આરોપી) એ પુછપરછમાં તમામ માહિતીઓ તપાસ કરનાર અધિકારીને આપી દીધેલ છે. વધુમાં દલીલ કરેલ છે કે, રીકવરી અને ડિસ્કવરી માટે પોલીસ કસ્ટડી આપી શકાય નહી તથા રીમાન્ડ અરજીમાં જણાવેલ કારણો અને વિ.એ.પી.પી.શ્રીએ દલીલમાં જણાવેલ કારણો તે સામાવાળા (મૂળ આરોપી) ની હાજરી વગર પણ તપાસ થઇ શકે છે. આથી રીવીઝન અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

**(૪)** આ કામે શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી જે.જે.બારોટ તથા સામાવાળા તરફે વિ.વ.શ્રી એમ.એ.ઘાંચીની દલીલો સાંભળી તથા મે.એડી.ચીફ જયુડી. મેજી કોર્ટ, રાધનપુર નાઓએ કરેલ હુકમ વંચાણે લેતાં આ રીવીઝનના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થીત થાય છે.

(૧) શું તપાસ કરનાર અધિકારીની બી.એન.એસ.એસ.ની કલમ-૧૮૭ ની રાધનપુર પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૨૧૭૦૨૭૨૫૧૨ ૦૫/૨૦૨૫ ના દાખલ થયેલ ગુનામાં આરોપી ની પોલીસ કસ્ટડીની અરજી મે.એડી.ચીફ જયુડી.મેજી.કોર્ટ, રાધનપુર ધ્વારા નામંજુર કરેલ તે હુકમ પક્ષપાતભર્યો, કાયદાની જોગવાઇઓથી વિરૂધ્ધનો ને ભુલ ભરેલો અથવા કોઇ પણ રીતે હસ્તક્ષેપ કરવાનો પાત્ર છે?

(૨) શું હુકમ ?

**(૫)** ઉપરોક્ત મુદ્દાઓના મારા ન્યાયીક નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**(૬)** ઉપરોકત મુદૃાઓ અંગેના મારા ન્યાયિક નિર્ણયો અંગેના કારણો નિચે મુજબ છે.

**-:: કારણો ::-**

**(૭)** રાધનપુર પો. સ્ટે. ગુ. ર. નં. ૧૧૨૧૭૦૨૭૨૫૧૨૦૫/૨૦૨૫, બી.એન.એસ.ની કલમ-૩૫૧(૩), ૩૧૮(૪), ૩૧૬(૨), ૩૦૮(૫), ૩૦૮(૭), ૬૧(૨)(અ), ૮૩ મુજબની ફરીયાદ દાખલ થતાં સામાવાળા (મૂળ આરોપી) ને તા.૬/૧૨/૨૦૨૫ ના રોજ અટક કરી તા.૭/૧૨/૨૦૨૫ ના રોજ નામ.કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ. આ ગુનાની ફરીયાદની વિગત એવી છે કે, તા.૨૪/૦૪/૨૦૨૫ના રોજ સવારના કલાક-૮/૦૦ વાગે ફરીયાદીને તથા તેઓના મોટાભાઈ લાલાભાઈ તથા તેઓની ભાભી દલીબેન લાલાભાઇ ભરવાડ તથા તેઓના મમ્મી જવીબેન ભગવાનભાઈ ભરવાડ જેબધાને લાલાભાઇ જીવાભાઇ ભરવાડ નાઓ ગુનાહિત ષડયંત્રના ભાગરૂપે રાધનપુર થી ઝરીયા, તા. બોટાદ મુકામે છોકરી જોવા લઇ ગયેલા જ્યાં ભરવાડ સમાજના મોટી ઉંમરના બે કાકા તથા એક ડોશીમાં હતા જે પૈકી એક જીવણભાઇ ગોવિંદભાઈ ભરવાડ રહે-ઝરીયા, તા.જી-બોટાદ તથા ગોવિંદભાઈ કાળાભાઈ ભરવાડ રહે-બોટાદ પાંચપડા પાળીયાદ રોડ, તા જી-બોટાદ વાળા તથા મનુભાઇ ભરવાડ

ઉવ આશરે ઉવ.૪૫ રહે- કુબા તા-ધોળકા, હાલ રહે-વડોદરા વાળા તરીકેની ઓળખ આપેલી અને તે ઘરે આશરે પચીસેક વર્ષની એક છોકરી બતાવેલી જેનું નામ હિરલ હોવાનું જણાવેલ. જે વખતે હાજર જીવણભાઈ ભરવાડે હિરલબેન પોતાની દિકરી હોવાનું જણાવેલ હતુ. તેઓએ છોકરીનું આધારકાર્ડ માંગેલ પરંતુ આરોપીઓએ આપેલું નહી અને તેઓ ભરવાડ સમાજના હોઇ વિશ્વાસમાં આવી તેઓના મિત્ર લાલાભાઇ જીવાભાઈ ભરવાડ રહે-રાફુવાળાના કહેવાથી તે દિવસે તેઓના લાલાભાઇએ રૂા.૧,૦૦,૦૦૦/- રોકડા ગોવિંદભાઈ ભરવાડના હાથમાં જીવણભાઇ ભરવાડને આપવા સારૂ બધાની હાજરીમાં આપી સગાઇનું નક્કી કરેલ હતુ. બાકીના રૂા- ૯,૦૦,૦૦૦/- (નવ લાખ) થોડા દિવસોમાં આપી જવાનું જીવણભાઈ ભરવાડે કહેલ હતું અને બધી જ રકમ આવી જાય પછી લગ્નનું મુર્હુત કઢાવીને જાન લઈને આવવાનું કહેલ હતું. જેથી ત્યાંથી તેઓ બંધા સગાઇ નક્કી કરીને પરત રાધનપુર આવતાં રહેલ હતા. ત્યારબાદ તા.૨૭/૦૪/૨૦૨૫ના રોજ લાલાભાઈ જીવાભાઈ ભરવાડ રહે- રાફુવાળાએ તેઓના ભાઇ લાલાભાઈને ફોન કરીને બાકીની રકમ આપી દેવા વારંવાર દબાણ કરતાં હોય, જેથી તેઓએ કંઇ વિચાર કર્યા વિના તેઓના સગાસંબંધીઓ પાસેથી ઉછીના લઇને તથા ઘરના દાગીના વેચીને રૂા.૮,૦૦,૦૦૦/- ની સગવડ કરેલ હતી. જે રકમ લઇને ભરવાડ લાલાભાઈ જીવાભાઇ રહે-રાફુ, તા-સમી વાળાએ દશાડા આવવાનું કહેલ, જેથી તેઓના ભાઇ લાલાભાઈ દશાડા, જી-સુરેન્દ્રનગર મુકામે ગયેલ હતો. ત્યાં મનુભાઇ ભરવાડ તથા લાલાભાઇ જીવાભાઇ ભરવાડ બન્ને જણાઓ ફરીયાદીના ભાઈ લાલાને મળેલ હતા અને લાલાભાઇએ આરોપીઓને રોકડા રૂા.૮,૦૦,૦૦૦/- આપેલ અને તેઓ બન્ને ઇકો લઇને નિકળી ગયેલ હતા. ફરીયાદીનો ભાઇ લાલો રાધનપુર પરત આવતો રહેલ અને સંગાઇના સોદાના રૂા.૧,૦૦,૦૦૦/- (એક લાખ) આપવાના બાકી રહેલ હતા. ત્યારબાદ તા.૦૧/૦૫/૨૦૨૫ના રોજ લાલાભાઈ જીવાભાઈના કહેવા મુજબ ફરીયાદીની જાન લઇને ફરીયાદીના ભાઈઓ લાલાભાઇ તથા ગેલાભાઇ તથા માદેવભાઇ તથા ભરવાડ સમાજના હમાભાઇ ભારાભાઈ ભરવાડ જે બધા ભાડાની ઇનોવા લઇને દસાડા ગયેલા જ્યાં તેઓને લાલાભાઈ જીવાભાઈ ભરવાડ મળેલા અને તેઓ સુરેન્દ્રનગરથી આગળ ચોટીલા નજીક હાઇવે

રોડ ઉપર લઇ ગયેલા અને લાલાભાઈ મોબાઈલથી કોઇકનો સંપર્ક કરતા હોય જેથી જીવણભાઇ ભગત તથા ગોવિંદભાઇ તથા મનુભાઇ તથા તેમની સાથે એક ડોશીમાં જેઓ એક ઇકો ગાડીમાં અમે લગ્ન કરવા સારૂ જોયેલ તે છોકરીને લઇને રસ્તામાં મળેલા અને તે છોકરી અમને રસ્તામાં જ સોંપેલી અને લાલાભાઈ જીવાભાઈ ભરવાડે તથા તેની સાથેના માણસોએ કહેલ કે, લગ્નની વિધી તમારી રીતે ઘરે જઈને કરી દેજો જેથી તેઓ છોકરી લઇને તેઓના ઘરે આવેલા હતા. આ હિરલ નામની છોકરી ફરીયાદીના ઘરે દોઢેક માસ જેટલો સમય રહેલી જેની ઓળખના પુરાવા સારૂ આધારકાર્ડ માંગેલ પરંતુ પછી લાવી આપીશ તેવો વિશ્વાસ આપતી અને તેની ઓળખ છુપાવતી હતી. ફરીયાદીની પત્નિ હિરલ તેઓના ઘરે વિશેક દિવસ રોકાયેલ અને પરિવાર સાથે રહેતી હતી પણ તે કોઈ ગુનાહિત કાવતરામાં હોઇ તે રીતે તેના પરિવાર કે તેના વિશે કોઇ જ માહિતી આપતી ન હતી તે વિસેક દિવસ રોકાયા બાદ ફરીયાદી પાસે ફોનની માંગણી કરેલ જેથી તેને VIVO 1300 રૂ।.૨૫,૦૦૦/- ની રકમનો નવો મોબાઇલ લઈ આપેલ હતો, જેમાં Mo.૬૩૫૩૭૮૪૬૪૬ નું જીઓ કંપનીનું ફરીયાદીના નામનું સીમકાર્ડ લઇ આપેલ હતુ જેમાં વોટ્સેપથી કોઇને ફોન કરતી હતી અને ફરીયાદી જોઇ જાય તો તે મોબાઈલમાંથી ડીલેટ મારી દેતી હતી અને કોઇ વાત કરતી ન હતી. ત્યારથી ફરીયાદીને તેના ઉપર શંકા જતી હતી પરંતુ ફરીયાદીનો ઘરસંસાર ચાલે જેથી ફરીયાદી ચલાવે રાખતા હતા. એક દિવસ તેઓની પત્નિ હિરલ તેના માતા-પિતાને મળવા જવાનું કરી બસમાં તેના માતા-પિતાને મળવા ગયેલ હતી ત્યાર પછી તે પરત આવેલ નહી. પરંતુ તા.૧૦/૦૫/૨૦૨૫ ના રોજ સવારના ભરવાડ ગોવિંદભાઈ કાળાભાઇ તથા ભરવાડ જીવણભાઈ ગોવિંદભાઇ બન્ને તેઓના ઘરે રાધનપુર મુકામે સવારના અગિયારેક વાગે આવેલ હતા અને વાત કરેલ કે, તમારા સગાઈના સોદા પેટેના રૂા.૧,૦૦,૦૦૦/- બાકી છે જેથી હિરલ અંહી આપવાની ના પાડે છે અને તે તને અને તારા ભાઈ લાલાને બળાત્કારના કેસમાં ફસાવી દેવાની વાત કરે છે. તમારે શું કરવું છે. જેથી અમે ગંભરાઇ ગયેલ અને ભરવાડ જીવણભાઇને રૂા.૧,૦૦,૦૦૦/- તે દિવસે રોકડા આપેલ તેઓ બન્ને જણાઓ રૂપિયા લઇને ફરીયાદીના ઘરેથી જતા રહેલ હતા. દશેક દિવસે પછી હિરલ ફરીયાદીના ઘરે પાછી આવતી રહેલ હતી, પાછી આવ્યા બાદ તે દશેક દિવસ

રોકાયેલ અને પાછી તેના માસી મરણ ગયેલ છે તેમ કહિ જતી રહેલ હતી તે દિવસે ફરીયાદીના ઘરમાં જોયેલ તો તેના માટે બનાવેલ દાગીના ઘરમાંથી ૨૦૦ ગ્રામનું ચાંદીનું મંગળસુત્ર કિંમત રૂા.૩૦,૦૦૦/- તથા ૨૫૦ ગ્રામની પગમાં પહેરવાની ચાંદીની ઝાંઝરી કિંમત રૂા.૩૦,૦૦૦/- તથા અડધા તોલાની સોનાની બુટ્ટી કિંમત રૂા.૪૦,૦૦૦/- ની તથા કાનમાં પહેરવાની સોનાની નખલી રૂા.૨૫૦૦૦/- ની લઇ ગયેલ હતી પરંતુ તે પાછી આવશે જેથી અમે કોઇને વાત કરેલ નહી. ત્યારબાદ ઘણા સમય સુધી કહેવાતી પત્નિ ફિરલ પરત આવેલી નહી જેથી ફરીયાદીએ લાલાભાઈ જીવાભાઇ ભરવાડને તથા જીવણ ભગતને તથા ગોવિંદભાઈને હિરલ બાબતે અવારનવાર પુછપરછ કરેલ પરંતુ તેઓ અલગ-અલગ બહાના બતાવતા અને થોડા સમય પછી હિરલને મૂકવા આવશ તેમ કહીને આશ્વાસન આપતા ત્યારબાદ તેઓને આરોપીઓ ઉપર શંકા જતા તેમના ઘરે ગયેલા પરંતુ તેઓની સાથે લંગ્ન કરાવેલ તે હિરલ છોકરી તેમના ઘરે ન હતી અને ફરીયાદીએ પોતાના રૂપિયા પરત આપવાનું કહેતા તેઓ અલગ-અલગ બહાના બતાવી અંહી આવ્યા છો તો તમને જાનથી પતાવી દેશુ અને હિરલ મરી જવાની વાત કરે છે. તેમાં તમને ફસાવી દેશુ તેવી ધમકીઓ આપેલ જેથી તેઓ બીજીવાર ત્યાં ગયેલ નહી. તેઓને ખબર પડી ગયેલ કે, આ લોકોએ તેઓની સાથે છેતરપીડી કરેલ છે. ફરીયાદીને કોઇને કોઈ રીતે રૂપિયા પરત મળી જાય તે સારુ પ્રયત્ન કરતા હતા પરંતુ આરોપીઓ તરફથી કોઈ જ જવાબ ના મળતા હવે તેમના વિરૂધ્ધમાં પોલીસ ફરિયાદ કરેલ છે. જેમાં લાલાભાઈ જીવાભાઈ ભરવાડ રહે. રાફુ, તા.સમી તથા જીવણભાઈ ગોવિંદભાઈ ભરવાડ રહે. ઝરીયા, તા. જી-બોટાદ તથા ગોવિંદભાઈ કાળાભાઈ ભરવાડ રહે- બોટાદ પાંચપડા પાળીયાદ રોડ, તા.જી-બોટાદવાળા તથા મનુભાઇ ભરવાડ આશરે ઉ.વ.૪૫ રહે. કુબા, તા-ધોળકા, હાલ રહે-વડોદરાવાળા તથા હિરલ આશરે ઉ.વ.૨૩ (જેનું આખુ નામ ખબર નથી) વાળાઓ ગુનાહિત કાવતરૂ રચી ફરીયાદીને વિશ્વાસમાં લઇ છેતરપીડી કરવાના ઇરાદાથી લગ્ન કરી તથા બળાત્કારના કેસમાં ફસાવી દેવાની ધમકી આપી રૂા.૧૦,૦૦,૦૦૦/- (દસ લાખ) ફરીયાદી પાસેથી બળજબરીથી કઢાવી લીધેલ તથા દુલ્હન હિરલે ફરીયાદીના સૌના/ચાંદીના દાગીના રૂા.૧.૨૫,૦૦૦/- ના લઇ જઇ કાવતરું રચી, વિશ્વાસઘાત ગુન્હાઓ કરેલ છે.

**(૮)** તપાસ કરનાર અધિકારીશ્રીની રીમાન્ડ અરજી વંચાણે લેતાં તેમાં કારણ નં.૬ માં સામાવાળા (મૂળ આરોપી) કનુભાઇ ભરવાડ નાઓએ ગુનાહિત યોજના બનાવી ફરીયાદીને ભોગબનાવી તેની પાસેથી લીધેલ રકમ પૈકી રૂા.૧,૫૦,૦૦૦/- લીધેલ છે અને જે રકમ તેઓએ તેમના ઘરે વડોદરા વાળા ઘરેથી મળી શકે તેમ છે તેથી આરોપીને સાથે રાખી રાધનપુર થી વડોદરા મુકામે જવાનુ છે. વધમાં વિ.એ.પી.પી.શ્રીએ કોલ ડીટેલ રેકર્ડ તથા સીમકાર્ડની માહિતી મેળવવા માટેનુ બીજુ કારણ આપેલ છે. આ કારણો વંચાણે લેતાં જયારે આરોપીએ જાતેજ જણાવી દીધેલ છે કે, વડોદરા મુકામે તેઓના ઘરે રૂા.૧,૫૦,૦૦૦/- ની રકમ હોઇ શકે તો તે બાબતે આરોપીની ગેરહાજરીમાં તપાસ કરનાર અધિકારી આ મુદાની ત્યાં જઇને કાયદા મુજબની કાર્યવાહી કરી તપાસ કરી શકે છે. વધુમાં કોલ ડીટેલ રેકર્ડ તથા સીમકાર્ડની માહિતી લેવા માટે આરોપીની કોઇ જરૂરીયાત રહેલ નથી. આથી નામ.એડી.ચીફ જયુડી.મેજી.કોર્ટ, રાધનપુર નાઓએ ફરીયાદની હકીકત તથા કેસ ડાયરી વંચાણે લઇ તપાસ કરનાર અધિકારીની બી.એન.એસ.એસ.ની કલમ-૧૮૭ મુજબ સામાવાળા (મૂળ આરોપી) ની અરજી નામંજુર કરેલ છે તે ન્યાયોચિત છે અને તેમાં હસ્તક્ષેપ કરવાનુ કોઇ કારણ જણાતુ નથી. આથી મુદા નં.૧ નકારમાં ઠરાવવામાં આવે છે અને મુદા નં.૨ પરત્વે નિચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: આખરી હુકમ ::-**

**(૧)** આથી અરજદારની ફોજદારી રીવીઝન અરજી નં.૦૭/૨૦૨૬ **નામંજુર** કરવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૩૦મી, માહે-માર્ચ, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૩૦/૦૩/૨૦૨૬
મું.રાધનપુર, પાટણ.

**રાજકુમાર રામસિંહ ચૌધરી**
બીજા અધિક સત્ર ન્યાયધીશ
મું.રાધનપુર, જી.પાટણ
જજ કોડ નં.જીજે-૦૧૫૧૨